બિન સરકારી (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૦૯-ઓડી-૦૮-ગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧-૦૮-૨૦૧૧

વંચાણમાં લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૬-૧૦-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧-૨૦૦૯-૩૬૦૦૭૧-ગ

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૬-૭-૦૧ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૨૦૦૦-૧૬૪૯-ગ

(૩) શિક્ષણ વિભાગનો તા.૨-૭-૯૯ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧ (૨)-ગ

આમુખ :-

બિન સરકારી (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ અને સંવર્ગના સેટ-અપના માપદંડ ઉપર વંચાણે લીધેલા તા.૨૬-૧૦-૨૦૦૯ ના ઠરાવથી સુધારવામાં આવેલ છે નવા માપદંડના કારણે શાળાની વહીવટી કામગીરીને પડતી વિપરીત અસરો સંદર્ભે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે બિન સરકારી (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓના સંખ્યાબળ અને સંવર્ગના સેટ-અપ માટે શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા આધારિત નીચે મુજબના માપદંડ નકકી કરવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થીઓની સંખ્યા | મળવાપાત્ર જગ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૩૦૦ | (૧) જુનિયર કલાર્ક-૧ | ૧ |
| ૨. | ૩૦૧ થી ૬૦૦ | (૧) જુનિયર કલાર્ક-૧,<br>(૨) સિનીયર કલાર્ક-૧ | ૨ |
| ૩. | ૬૦૧ થી ૧૦૦૦ | (૧) જુનિયર કલાર્ક-૨,<br>(૨) સિનીયર કલાર્ક-૧ | ૩ |

| | | | |
|---|---|---|---|
| ૪. | ૧૦૦૧ થી ૧૪૦૦ | (૧) જુનિયર કલાર્ક-૨,<br>(૨) સિનીયર કલાર્ક-૨ | ૪ |
| ૫. | ૧૪૦૧ થી ૨૦૦૦ | (૧) જુનિયર કલાર્ક-૨,<br>(૨) સિનીયર કલાર્ક-૨,<br>(૩) હેડ કલાર્ક-૧ | ૫ |
| ૬. | ૨૦૦૦ થી ઉપર | (૧) જુનિયર કલાર્ક-૨,<br>(૨) સિનીયર કલાર્ક-૨,<br>(૩) હેડ કલાર્ક-૧,<br>(૪) ઓ.એસ.-૧ | ૬ |

નવા માપદંડ અને સેટ-અપ મુજબ મંજૂર થતી નવી જગ્યાઓ જે તે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા પર આધારિત છે અને વિદ્યાર્થીઓની સંખ્યા દર વર્ષે બદલાતી રહે છે તેથી નવા માપદંડ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા આધારિત બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યા બળ <u>જુન-૨૦૧૧ થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓની સંખ્યા આખરી થયેથી કમિશનરશ્રી, શાળા કક્ષાએ નવા માપદંડ મુજબ દરેક શાળાએ બિન શૈક્ષણિક કર્મચારીઓનું સેટ-અપ મંજૂર કરાવી લેવાનું રહેશે.</u>

૨. શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓનું સેટ-અપ કમિશનરશ્રી, શાળાની કચેરી કક્ષાએથી મંજૂર કરાવ્યા તારીખે, જો કોઇ શાળામાં મળવાપાત્ર-મહેકમ કરતાં જુના સેટ-અપ મુજબ વધારાની જગ્યાઓ પર કર્મચારીઓ ફરજ બજાવતા હશે તો આવી જગ્યાઓ જે તે જગ્યા પર ફરજ બજાવતા કર્મચારીની નિવૃત્તિ, રાજીનામુ કે અન્ય કારણસર જગ્યા ખાલી પડે તે તારીખથી વધારાની જગ્યા રદ થયેલી ગણાશે.

૩. બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક:-

શિક્ષણ વિભાગના તા.૧૬-૭-૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૨૦૦૦-૧૬૪૯-ગ અન્વયે,ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૬૪ ના નિયમ-૫૫ (૨) (અ)માં સુધારાથી કરેલી જોગવાઇ તથા માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની આનુસાંગિક જોગવાઇ મુજબ કરવાની રહેશે.સીધી ભરતીની નિમણૂકના કિસ્સામાં શિક્ષણ વિભાગના તા.૨-૭-૯૯ ના ઠરાવ ક્રમાંક:બમશ-1199-741(૨)-ગ ની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૪. જો કોઇ શાળા/સંસ્થા આ ઠરાવની જોગવાઇઓનું પાલન કરશે નહિ અને અન્ય રીતે કર્મચારીઓની નિમણૂક કરશે તો તેવી નિમણૂકો કોઇ પણ સરકારી ગ્રાન્ટના હેતુ

માટે અમાન્ય ગણાશે અને આવા કર્મચારીઓની તમામ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

૫. વર્ગ-૪ ની જગ્યાઓ અંગેની કામગીરી આઉટ સોર્સીંગથી લેવાની સરકારશ્રીની નીતિ નકકી થયેલ છે. આથી આ અંગે એક સુત્રતા જળવાય તે હેતુસર આ બાબતે કમિશનરશ્રી, શાળાઓએ અલગથી દરખાસ્ત કરી સરકારશ્રીની મંજૂરી માટે રજૂ કરવાની રહેશે.

આ હુકમો, આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૯-૦૬-૨૦૧૧ની નોંધથી મળેલી મંજૂરી અને અને તે પરત્વે તા.૨૯-૦૭-૨૦૧૧ ની નોંધથી સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ. પટેલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા. ક. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ. (કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
- પ્રમુખશ્રી,ગુજરાત રાજ્ય મા.અને ઉ.માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ
- સીલેકટ ફાઇલ. શાખા સંગ્રહ